# MBA / MCA પ્રવેશ વર્ષ-૨૦૧૯ ના અરજદારો માટે જાણવા જોગ

## MBA-MCA TFW Scheme વિશેની માહિતી.

**(૧) TFW (Tuition Fee Waiver) શું છે ?**

આપને TFW અંતર્ગત કોઈપણ Govt./GIA/SFI કોલેજ/સંસ્થામાં એડમીશન મળેતો આપને પુરા કોર્ષની ટ્યૂશન ફી ભરવાની રહેતી નથી.

**(૨) TFW માં ભાગ લેવા માટે શું જરૂરી છે ?**

TFW Scheme માં ભાગ લેવા માટે આપની Family Income રૂા. ૮.૦૦ લાખ અથવા તેથી વધારે ન હોવી જોઈએ. તે આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર માન્ય સત્તાધીશ તરફથી મળેલું હોવું જોઈએ.

**(૩) TFW માં એડમીશન કેવી રીતે મેળવી શકાય ?**

TFW માં એડમીશન લેવા માટે આપે Online Choice Filling દરમ્યાન TFW Scheme માટેની જે તે સંસ્થામાં Choice ભરવાની રહેશે. તે સાથે આપને TFW સાથે તેજ સંસ્થાની Non-TFW Choice ભરવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે TFW Seats એ કુલ સીટના ૫% તરીકે વધારાની સીટ હોય છે. તેનું મેરીટ, સીટ ઓછી હોવાના કારણે જે તે સંસ્થાના સાધારણ મેરીટથી ઉંચુ જતું હોય છે. જેથી આપને સલાહ છે કે આપે તે સંસ્થાની પ્રથમક્રમમાં TFW તથા ત્યારબાદ તે સંસ્થાની Non-TFW Choice ભરવી હિતાવહ છે.

નોંધ : **ACPC** દ્વારા જ્યારે એડમિશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ત્યારે **AICTE** ના નિયમો મુજબ સંસ્થામાં ૩૦% થી વધારે સીટો **ACPC** દ્વારા ભરાય તો જ તે સંસ્થામાં **TFW** સીટનું એડમિશન એલોટ કરવામાં આવે છે તેની ખાસ નોંધ લેવી.

તા. ૧૫-૦૭-૨૦૧૯

— મેમ્બર સેક્રેટરી